# COVID-19 મહામારી દરમિયાન બ્રેમ્પટનમાં કેનેડા ડે 2021

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જૂન 28, 2021) – આ વર્ષે, કેનેડા ડે ગુરુવાર, જુલાઇ 1 નાં રોજ આવશે. તે દિવસે સીટી ઓફ બ્રેમ્પટનની સર્વિસીસ વિશે તમારે જાણવી જરૂરી બાબતો અહીં આપી છે.

સમુદાયને ટેકો આપવા અગ્નિશમન અને કટોકટીની સેવાઓ, ટ્રાફિક સેવાઓ, કાયદાકીય અમલ બજવણી, રોડ ઓપરેશન્સ અને સુરક્ષા સેવાઓ સહિતની તમામ અનિવાર્ય અને નિર્ણાયક સેવાઓનું સંચાલન રાબેતા મુજબ ચાલુ રહેશે.

રહેવાસીઓ કોઇ પૂછપરછો માટે 311 અથવા (બ્રેમ્પટન બહારથી) 905.874.2000 નંબર પર ફોન કૉલ કરી શકે છે, Brampton 311 ઍપનો ઉપયોગ કરી શકે છે (App Store અથવા Google Play પર ઉપલબ્ધ) અથવા વેબસાઇટ www.311brampton.ca જોઇ શકે છે અથવા ઈમેઇલ સરનામું 311@brampton.ca ને ઈમેઇલ મોકલી શકે છે. અમે સીટી ઓફ બ્રેમ્પટન કે રીજીયન ઓફ પીલને સંબંધિત કોઈપણ બાબતો માટે 24/7 ઉપલબ્ધ રહીએ છીએ. COVID-19 સંબંધિત પૂછપરછો માટે વેબસાઇટ જુઓ, www.brampton.ca/COVID19.

**આતશબાજી સુરક્ષા**

કેનેડા ડે વર્ષમાં ચાર દિવસોમાંનો એક છે જ્યારે ખાનગી મિલકત માટે ટૂંકા-અંતરના ફટાકડાં ફોડવાની છૂટ આપવામાં આવે છે, જેમાં બ્રેમ્પટનમાં પરમીટ લેવાની જરૂર પડતી નથી. બાય-લૉ (પેટા-કાનૂન) હેઠળ, આતશબાજી કરવાની પરવાનગી વિક્ટોરિયા ડે, દિવાળી અને નૂતન વર્ષની પૂર્વ સંધ્યાએ પણ આપવામાં આવે છે.

ફાયરવર્ક્સ બાય-લૉ અનુસાર ટૂંકા અંતરના ફટાકડાં ફોડવાની પરવાનગી છે. ટૂંકા-અંતરના ફટાકડાં એ હોય છે જે ત્રણ મીટર (10 ફૂટ) કરતા ઓછું અંતર કાપે જ્યારે તે ફોડવામાં આવે (દા.ત. ફાઉન્ટેઇન્સ, વ્હીલ્સ, ગ્રાઉન્ડ સ્પિનર્સ, સ્પાર્કલર્સ). બ્રેમ્પટનમાં રૉકેટ જેવા અન્ય તમામ ફટાકડાં ફોડવાની મનાઇ છે. આ શહેર રહેવાસીઓને યાદ અપાવે છે કે ફટાકડાં સ્ટ્રીટ, સાઇડવૉક્સ પર, શહેરના પાર્ક્સ કે અન્ય મ્યુનિસિપલ અથવા સ્કૂલ મિલકતોમાં ફોડવાની પરવાનગી નથી.

ખાનગી મિલકતમાં ટૂંકા-અંતરના ફટાકડાં ઉપયોગમાં લેતી વખતે, રહેવાસીઓએ આ સુરક્ષા સાવચેતીઓ અચૂક અનુસરવી રહી:

- ફટાકડાં હોલવવા પોતાની પાસે પાણી ભરેલું પાત્ર અથવા પાણી ભરેલી હોઝ લાઇન ઉપલબ્ધ રાખો.
- તમારા હાથમાં સ્પાર્કલર સિવાયના ફટાકડાં ક્યારેય ફોડશો નહિ કે પકડી રાખશો નહીં.
- અન્ય લોકો પર ફટાકડાં ક્યારેય ફેંકશો નહિ કે ચિંધશો નહીં.
- સ્પાર્કલર્સનો ઉપયોગ કર્યા પછી, તેનો નિકાલ કરતા પહેલાં તેને પૂરેપૂરા ઠંડા પાડવા પાણીના પાત્રમાં રાખો.
- તમામ ફટાકડાંનો નિકાલ કરતા પહેલાં તેને પૂરેપૂરા ઠંડા થવા દો.

વધારાના સુરક્ષા સૂચનો માટે વેબસાઇટ જુઓ, www.brampton.ca/fireworks.

દર વર્ષે, ફટાકડાં વિક્રેતાઓ ફટાકડાં વેચવાનું લાઇસન્સ મેળવે ત્યાર પહેલાં તેઓએ સીટીની તાલીમ લેવી અનિવાર્ય છે. સીટીએ વિક્રેતાઓને ઓનલાઇન તાલીમ આપવાની તૈયારી બતાવી. કેનેડા ડે માટે નવા ફાયરવર્ક્સ લાઇસન્સીસ આપવામાં આવ્યા નથી. જો રહેવાસીઓ સ્ટોર્સમાં કે બ્રેમ્પટનમાં બીજે ક્યાંય ફટાકડાં વેચાતા હોવાનું જુએ તો, સર્વિસ બ્રેમ્પટનને તે બાબતની જાણ બ્રેમ્પટન 311 મોબાઇલ ઍપ, ઓનલાઇન, અથવા 311 નંબર પર કૉલ કરીને કરવાનું કહેવામાં આવે છે.

BRAMPTON Service and Information Update

**બ્રેમ્પટન ટ્રાન્ઝિટ**

કેનેડા ડે પર બ્રેમ્પટન ટ્રાન્ઝિટ રવિવાર/રજાના દિવસના સમયપત્રક પ્રમાણે ચાલુ રહેશે જેમાં કેટલાક રૂટ્સ રદ કરવામાં આવશે. નીચે જણાવેલા રૂટ્સ સર્વિસમાં રહેશે:

- 501 ઝુમ ક્વીન
- 502 ઝુમ મેઈન
- 505 ઝુમ બોવેઈર્ડ
- 511 ઝુમ સ્ટીલ્સ
- 1 ક્વીન
- 2 મેઈન
- 3 મૅકલાફ્લિન
- 4 ચિંગકુસી
- 5 બોવેઈર્ડ
- 7 કેનેડી
- 8 સેન્ટર
- 11 સ્ટીલ્સ
- 14 ટોરબ્રામ
- 15 બ્રેમલી
- 18 ડિક્સી
- 23 સેન્ડલવૂડ
- 29 વિલિયમ્સ
- 30 એરપોર્ટ રોડ
- 35 ક્લાર્કવૅ
- 50 ગૉરે રોડ
- 52 મૅક્મર્કી
- 53 રે લૉસન
- 56 કિંગનૉલ
- 57 ચારોલેઈસ
- 115 પીયરસન એરપોર્ટ એક્સપ્રેસ

કેનેડા ડે પર ટર્મિનલ્સ પરના ગ્રાહક સેવા કાઉન્ટર્સ બંધ રહેશે. કેનેડા ડે પર ઉતારુઓને સહાયરૂપ થવા સંપર્ક કેન્દ્ર સવારે 9 થી સાંજે 6 વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે. વધુ માહિતી માટે, સંપર્ક કેન્દ્રને 905.874.2999 નંબર પર કૉલ કરો અથવા વેબસાઈટ જુઓ, www.bramptontransit.com.

વધારે સારી સફાઈ અને સ્વચ્છતા (સેનિટાઈઝિંગ) સમયપત્રક અમલમાં રહે છે. બ્રેમ્પટન ટ્રાન્ઝિટનું લક્ષ્ય દર 48 કલાકે તમામ સખત સપાટીઓ, ઓપરેટર કમ્પાર્ટમેન્ટ્સ અને બેઠકોને ચેપરહિત કરવાનું છે. મોટા ભાગની બસો દર 24 કલાકે સેનિટાઈઝ કરવામાં આવે છે. સખત સપાટીઓ ધરાવતી સગવડો અને ટર્મિનલ્સને રોજીંદા ધોરણે સાફ અને સેનિટાઈઝ કરવામાં આવે છે.

સીટી ઉતારુઓને માસ્ક પહેર્યો હોય તો પણ, ટર્મિનલ્સ અને બસ સ્ટોપ્સ પર વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતર જાળવવાનું ચાલુ રાખવાની વિનંતી કરે છે. ઉતારુઓને પ્રવાસ કરતી વખતે, પોતાના અંગત ડિસઈન્ફેક્ટન્ટ (ચેપનાશક પદાર્થ), જેમ કે હેન્ડ સેનેટાઈઝર કે વાઈપ્સ સાથે રાખવાનું, પોતાના હાથ વારંવાર ધોવાનું અને પોતાની કોણીમાં ખાંસી કરવાનું કે છીંકવાનું પણ યાદ અપાવવામાં આવે છે. જો બીમાર હો તો, કૃપા કરી ટ્રાન્ઝિટમાં સવારી કરવાનું ટાળો, સૌથી નજીકની COVID-19 એસેસમેન્ટ સાઈટ પર પરીક્ષણ કરાવો અને જાહેર આરોગ્ય સૂચનો અનુસરો.

અદ્યતન માહિતી નિયમિત મેળવવા વેબસાઈટ www.brampton.ca/COVID19 અને www.bramptontransit.com જોતા રહો અથવા સર્વિસ અપડેટ્સ માટે Twitter પર @bramptontransit ને અનુસરો . કોઈ પ્રશ્નો સીધા બ્રેમ્પટન ટ્રાન્ઝિટના સંપર્ક કેન્દ્રને 905.874.2999 નંબર પર પૂછી શકાય છે.

**બ્રેમ્પટન પાર્ક્સ**

કેનેડા ડે માટે બ્રેમ્પટનમાં લીશ-ફ્રી ડોગ પાર્ક્સ સહિત, બધી મનોરંજનલક્ષી ટ્રેઈલ્સ (પગદંડીઓ), પ્લેગ્રાઉન્ડ્સ, અને પાર્ક્સ ખુલ્લા રહે છે. દરેક વ્યક્તિનું આરોગ્ય અને સુખાકારી માટે શારીરિક પ્રવૃત્તિ મહત્વની હોય છે – જો તમે બ્રેમ્પટનમાં પાર્ક્સમાં મુલાકાત લેતા હો તો, કૃપા કરી યાદ રાખશો કે આઉટડોરમાં સામાજિક હળવું-મળવું 10 લોકો સુધી મર્યાદિત છે. આપણાં પાર્ક્સ અને ટ્રેઈલ્સ શોધવા વેબસાઈટ જુઓ, www.brampton.ca/parks .

**બ્રેમ્પટન રિક્રિએશન**

તમારા કુટુંબીજનો સાથે પાર્ક ક્લાસીસ અને આઉટડોર સ્પ્લૅશ પૅડ્સમાં મફત ફિટનેસ સહિતની સુરક્ષિત રીતે આનંદ માણવા જેવી આઉટડોર સવલતો પર માહિતી માટે વેબસાઈટ જુઓ, www.brampton.ca/summerfun.

પ્રોવિન્સના COVID-19 લૉકડાઉન ઉપાયો સામે પ્રતિક્રિયા કરવામાં સીટી ઓફ્ બ્રેમ્પટનના રિક્રિએશન સેન્ટર્સ હંગામી ધોરણે બંધ રહે છે. વર્ચ્યુઅલ કાર્યક્રમો અને સેવાઓ પર માહિતી માટે વેબસાઈટ જુઓ, www.brampton.ca/recathome.

**બ્રેમ્પટન લાઈબ્રેરી**

કેનેડા ડે નિમિત્તે બ્રેમ્પટન લાઈબ્રેરીની બધી શાખાઓ બંધ રહેશે.

બ્રેમ્પટન લાઈબ્રેરીની વેબસાઈટ કોઈપણ સમયે જોઈને ઓનલાઈન બોરોઈંગ અને ઈ-બુક્સ, ઈ-ઓડિયોબુક્સ, ટીવી અને મૂવી સ્ટ્રીમિંગ, ઓનલાઈન શિક્ષણ, આર્ટ્સ અને ક્રાફ્ટ્સ શિક્ષણ, અને ઘણી સવલતો સુધી, તમારા લાઈબ્રેરી કાર્ડ વડે મફતમાં પહોંચ મેળવો.

બ્રેમ્પટન લાઈબ્રેરી કાર્ડ મેળવવા, કૃપા કરી અહીં ક્લિક કરો.. બધી શાખાઓમાં 24-કલાકના બાહ્ય ડ્રોપ બોક્સીસ મારફતે તમે ઊછીનું લીધેલું સાહિત્ય પરત કરવાની લચીલી સેવાઓ મેળવો. નોંધણી કરાવો અને અમારા વર્ચ્યુઅલ કાર્યક્રમોમાં ભાગ કેલેન્ડર ઓફ્ ઈવેન્ટ્સ પર લેવા અને અઠવાડિક વર્ચ્યુઅલ સ્ટોરીટાઈમ્સ સહિત વીડિયોનો આનંદ બ્રેમ્પટન લાઈબ્રેરીના YouTube પેજ પર માણવાનું આયોજન કરો.

ચાલો આપણે સંપર્કમાં રહીએ! અમારી ઈમેઈલ અપડેટ્સ અને ન્યૂઝલેટર્સ સબસ્ક્રાઈબ કરો અને અમને Facebook, Twitter, Instagram, LinkedIn અને YouTube પર અનુસરો.

બ્રેમ્પટન લાઈબ્રેરીને આ માહિતી આપતા ખુશી થાય છે કે તેઓની ફૉર કોર્નર્સ, ચિંગકુસી, અને સ્પ્રિંગડેલ શાખાઓ મર્યાદિત સેવાઓ માટે ફરીથી ખુલ્લી મૂકવામાં આવી છે. સીરિલ ક્લાર્ક, ગૉર મીડોસ, માઉન્ટ પ્લેઝન્ટ વિલેજ, સાઉથ ફ્લૅચર્સ અને સાઉથ વેસ્ટ શાખા પુસ્તકાલયોમાં કર્બસાઈડ પિકઅપ ચાલુ રહે છે. વિગતો માટે, કૃપા કરી અમારી વેબસાઈટ જુઓ. અમે આપને જલ્દી મળવાની આશા રાખીએ છીએ.

**બ્રેમ્પટન એનિમલ સર્વિસીસ**

કેનેડા ડે નિમિત્તે બ્રેમ્પટન એનિમલ શેલ્ટર બંધ રહેશે.

એનિમલ કંટ્રોલ (પ્રાણી નિયંત્રણ) સોમવારથી શુક્રવાર સવારે 7 થી રાત્રે 10 વાગ્યા સુધી અને શનિવારે અને રવિવારે અને રજાઓના દિવસોમાં સવારે 8 થી સાંજે 6:30 વાગ્યા સુધી રોડ પર રહે છે, અને માત્ર નીચેના કૉલ્સને પ્રતિભાવ આપશે:

- માંદા/ઈજા પામેલા/આક્રમક ઘરેલું પ્રાણીઓ અને વન્ય જીવોને લઈ જવા
- આક્રમક પ્રાણી
- દોડીને ભાગતા કૂતરા
- કૂતરું કરડવાની તપાસ
- બંધિયાર રખડતું કૂતરું લઈ જવું
- મરેલું પ્રાણી લઈ જવું

આ સિવાયના સમયે, એનિમલ કંટ્રોલ માત્ર ઈમરજન્સીમાં પ્રતિભાવ આપશે.

**કેનેડા ડે માટે પીલ પબ્લિક હેલ્થના રિમાઈન્ડર્સ**

તમે પોતાનું અને અન્ય લોકોનું COVID-19 થી સંરક્ષણ કરવા આ જાહેર આરોગ્ય ઉપાયો અનુસરો:

- જુદા જુદા ઘરોના સભ્યો વચ્ચે શારીરિક અંતર જાળવતી વખતે, ઈનડોર અને આઉટડોરમાં ભેગા થવા માટે પ્રોવિન્સની માર્ગરેખાઓ અનુસરો.
- જો તમારે તમારા ઘર બહારની વ્યક્તિઓ સાથે વાતચીત કરવી પડે તો, ચાર મુખ્ય ક્રિયાઓનો (કોર એક્શન્સનો) મહાવરો કરો:
    - વ્યક્તિઓ વચ્ચે 2 મીટરનું શારીરિક અંતર જાળવો
    - માસ્ક પહેરો
    - તમારા હાથ અવારનવાર ધોતા રહો
    - બીમાર હો તો ઘરે રહો
- તમારી સાથે રહેતા લોકો અને તમારા અનિવાર્ય સહાયકો (જેમ કે સંભાળકર્તાઓ) સાથે ઘનિષ્ઠ સંપર્ક સીમિત રાખો.
- હળવા લક્ષણો સાથે પણ બીમારી લાગે ત્યારે ઘરે રહો.



The Corporation of The City of Brampton
2 Wellington Street West, Brampton, ON L6Y 4R2 311 TTY: 905.874.2130

**સીટી ઓફ બ્રેમ્પટન મીડિયા સંપર્ક**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોર્ડિનેટર, મીડિયા એન્ડ કમ્યુનિટી એન્ગેજમેન્ટ (Coordinator, Media & Community Engagement)
સ્ટ્રેટેજીક કમ્યુનિકેશન (Strategic Communication)
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca

**રીજીયન ઓફ પીલ મીડિયા સંપર્ક**
ઍશલી હૉકિન્સ (Ashleigh Hawkins)
કમ્યુનિકેશન્સ સ્પેશિયલિસ્ટ – જાહેર આરોગ્ય
રીજીયન ઓફ પીલ
416.818.4421 | ashleigh.hawkins@peelregion.ca